# ટ્રાફિકના નવા દંડ પ્રજા માટે લાંબાગાળે ફાયદાકારક બનશે

"એક લાખ સીત્તેર હજાર..." કોઈને આ આંકડો નાનો લાગશે તો કોઈને ખૂબ મોટો... પરંતુ જ્યારે કમોતે મરતા મનુષ્યજીવોની વાત કરીએ તો આ આંકડો ઘણો ઘણો મોટો છે. ભારતમાં કમોતે એટલે માર્ગ અકસ્માતમાં થતા વાર્ષિક મૃત્યુનો આ આંકડો છે. ટ્રાફિકના નવા દંડ અંગે આપણે કાગારોળ મચાવી રહ્યા છીએ ત્યારે આપણે એ પણ સમજવુ જરૂરી છે કે નવા દંડની કડકાઈ આપણા ફાયદા માટે જ છે. અલબત્ત તે ભ્રષ્ટાચાર વધારવાનો હાથો ન બને તે પણ સરકારે જોવુ જ જોઈએ.

ટ્રાફિકના નવા દંડની રકમ જ્યારથી નક્કી કરવામાં આવી છે ત્યારથી સોશીયલ મીડિયામાં જાતભાતની ટીકાટીપ્પણી અને જોક વહેતા થયા છે. અત્યાર સુધી ટ્રાફિક દંડ મામલે લીબરલ રહેલી સરકારે આકરો દંડ વસુલવાનુ નક્કી કર્યુ ત્યારથી પીયુસી માટે, નંબર પ્લેટ માટે કે હેલ્મેટની ખરીદી માટે ભીડ જામવા લાગી છે. અગાઉ ક્યારેય આટલો આકરો દંડ

## ટાઈમ પ્લીઝ

ભર્યો ન હોવાથી હવે આ દંડ ભરવો આકરો જ લાગેને... નવાઈની વાત તો એ છે કે આપણે અહીં આપણા દેશમાં ટ્રાફિકના નિયમોના પાલનમાં ગંભીરતા દાખવતા નથી અને નવો દંડ આકરો લાગે છે પરંતુ જ્યારે વિદેશમાં જઈએ છીએ ત્યારે ટ્રાફિકના નિમયો બાબતે એકદમ ગંભીર બની જઈએ છીએ અને અહીં આવી ત્યાંના આકરા નિયમો અને ટ્રાફિકની સેન્સના વખાણ કરતા થાકતા નથી. જે ટ્રાફિકના આકરા નિયમો અને મસમોટો દંડ આપણને અહીં ભારે લાગે છે તે વિદેશમાં જઈ વખાણવાલાયક બની જાય છે તે નવાઈની વાત છે નહીં..!

ભારત જેવા વિશાળ દેશમાં વાહનોની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે. સાથે જ અકસ્માતોની સંખ્યા પણ વધતી જાય છે. અકસ્માતમાં કમોતે મરતા લોકોની અને ઘાયલ થતા લોકોની સંખ્યા લાખોમાં પહોંચી છે ત્યારે આવા આકરા દંડની જોગવાઈ આજના સમયની જરૂરીયાત બનતી જાય છે.

જોકે સાથે એ પણ જોવુ જોઈએ કે ટ્રાફિકના નવા દંડની રકમ પૈસા ભેગા કરવામાં જ માનતા સરકારી બાબુઓ માટે ભ્રષ્ટાચાર આચરવાનો નવો માર્ગ ન બની જાય... ટ્રાફિકના નિયમોના પાલનમાં કડકાઈ જરૂરી છે પરંતુ તેનાથી વાંક ગુન્હા વગરના દંડાય નહી અને સામાન્ય પ્રજાને હેરાનગતિ ન થાય તે જોવાની પણ સત્તાધિકારીઓની જ ફરજ છે.

# મનપા દ્વારા પ્લાસ્ટીક વિરોધી ઝુંબેશમાં ૨૨ હજારનો દંડ વસુલ્યો

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સતત ત્રીજા દિવસે પણ ૧૧૮ કિલો જેટલુ પ્લાસ્ટિક અને રૂ. ૨૨ હજારથી વધુ દંડનીય કાર્યવાહી કરી પ્લાસ્ટીક મુક્ત સીટી બનાવવાની ઝુંબેશ સઘન બનાવી છે.

મનપા દ્વારા છેલ્લા ત્રણ દિવસમાં ૪૦૦ કિલોથી વધુ પ્લાસ્ટીકનો જથ્થો અને રૂ. ૮૦ હજારથી વધુનો દંડ વસુલવામાં આવ્યો છે. મનપાના સત્તાવાર સૂત્રોએ આજે જણાવ્યુ છે કે સતત ત્રીજા દિવસે ૩૪ ઈસમો સામે દંડનીય કાર્યવાહી કરી અને ૧૧૮ કિલો પ્લાસ્ટીકનો જથ્થો કબ્જે લેવામાં આવ્યો છે. તંત્ર દ્વારા આ ઈસમો પાસેથી રૂ. ૨૨ હજારથી વધુનો દંડ વસુલવામાં આવ્યો છે. તંત્ર દ્વારા આ ઝુંબેશ સતત ચાલુ રાખવામાં આવશે.

# સતત વાદળિયા વાતાવરણ વચ્ચે મોસમના વિચિત્ર મિજાજથી નગરજનો ત્રસ્ત

**વરસાદ બે દિવસથી બંધ છતા ઘણાં સમયથી સુર્યપ્રકાશની ગેરહાજરી : નગરજનો સુસ્તી અને બેચેનીનો ભોગ બની રહ્યા છે**

ગાંધીનગર તા ૧૩

શહેરમાં બે દિવસથી વરસાદ બંધ છે. છેલ્લા કેટલાક દિવસોથી વાદળિયુ વાતાવરણ યથાવત છે. વરસાદની ગેરહાજરી વચ્ચે પણ ભીંજારાનો માહોલ જોવા મળી રહ્યો છે. વાતાવરણમાં સતત ભેજના પ્રમાણની સાથે બપોરના સમયે બફારો પણ વર્તાય છે . સતત વાદળિયા વાતાવરણ વચ્ચે સુર્યપ્રકાશની ગેરહાજરીના લીધે નગરજનો બેચેની અને સુસ્તી અનુભવી રહ્યા છે. વિચિત્ર મોસમનો અહેસાસ કરતા નગરજનોના આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે.

શહેરમાં છેલ્લા બે દિવસથી આકાશમાં



ગોરંભાયેલા વાદળો વચ્ચે વાદળિયુ વાતાવરણ છવાયેલુ છે. જયારે વાદળિયા વાતાવરણના અંતે પણ બે દિવસથી વરસાદની ગેરહાજરી છે. દિવસ દરમિયાન વરસાદી વાદળો ગોરંભાયેલા જોવા મળે છે. પરંતુ વરસાદ આવતો નથી. શહેરમાં સિઝનનો અત્યાર સુધી ૯૦ ટકા જેટલો વરસાદ થઈ ગયો છે. પરંતુ હજુ પણ વાતાવરણમાં વરસાદની ગેરહાજરી વચ્ચે ઉકળાટ વર્તાય છે. સતત વાદળિયા વાતાવરણના લીધે નગરજનો પણ સુસ્તી અનુભવી રહ્યા છે. ભીંજારાના માહોલ વચ્ચે નગરજનોનુ આરોગ્ય પણ જોખમાયુ છે. વાદળિયા વાતાવરણ વચ્ચે મચ્છરોનો ઉપદ્રવ વધતા શહેરમાં ડેંન્ગ્યુ , મેલેરીયા સહીતના વાયરલ ફીવરના દર્દીઓ પણ વધી રહ્યા છે. બીજીતરફ છેલ્લા કેટલાક દિવસોથી તડકો પણ ન નિકળતા સુરજદાદાની ગેરહાજરી વચ્ચે નગરજનો ગરમીથી અકળાઈ રહ્યા છે. સુર્યપ્રકાશના અભાવ વચ્ચે નગરજનો વિચિત્ર મોસમનો અનુભવ કરી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી આકાશમાં વાદળોનો ઘેરોવો યથાવત છે. જયારે વરસાદના અંતે પણ વરાપ ન નિકળતા મોસમના વિચિત્ર મિજાજના લીધે નગરજનો ભારે સુસ્તી અને બેચેની અનુભવી રહ્યા છે. શહેરમાં બે દિવસથી વરસાદ બંધ છે. જયારે વાદળિયુ વાતાવરણ યથાવત છે. અત્યાર સુધી સિઝનનો ૯૦ ટકા વરસાદ નોંધાયો છે. હજુ પણ આગામી દિવસોમાં વરસાદ થવાની સંભાવના છે.



અંબાજી મંદિરે ઝળહળાટ : ભારદવી પૂનમનો મેળો આજે અંતિમ ચરણોમાં છે. દેશભરમાંથી ભાવિકોની શ્રદ્ધા અને ભક્તિનું ઘોડાપુર અંબાજીના રસ્તાઓ ઉપરથી શક્તિપીઠ પહોંચી રહ્યું છે. ત્યારે ભાવિકોના આગમન ટાણે મા જગત જનનીના મંદિરને પણ સોળે શણગારથી શણગારાયું છે. મોડી રાત સુધી ભાવિકોની લાઈનો દર્શન માટે લાગે છે. મોડી રાત સુધી મળતા અહેવાલ મુજબ ૩૦ લાખથી વધુ માઈ ભક્તોએ મા ના ચરણમાં શિશ ઝુકાવ્યા છે. ૭૨ લાખથી વધુ દાન દાનપેટીમાં સમર્પિત કરાયું છે. જ્યારે માઈ ભક્તો દ્વારા ૧૧૫ ગ્રામ સોનાના દાગીના અર્પણ કરાયા છે.

# ૧૭મીએ ગાંધીનગર આવતા પ્રધાનમંત્રી મોદી

ગાંધીનગર, તા. ૧૩

આગામી ૧૭મી સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમનો જન્મ દિવસ ગુજરાતમાં ઉજવશે.

૧૭મીના તેમના કાર્યક્રમોને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે તેઓના સ્વપ્ન મુજબ નર્મદા ડેમ ઓવરફ્લો થવામાં છે ત્યારે તેઓ સરદાર સરોવર ડેમ જઈ નર્મદાના નીરના વધામણા કરશે.

આ પહેલાં તેમના માતુશ્રી હિરાબાના આશીર્વાદ પણ ગાંધીનગર ખાતે મેળવશે. આ દિવસે રાજયભરમાં નર્મદા ઉત્સવની ઉજવણી કરાશે. હાલ રાજ્યના ૮ હજારથી વધુ ગામો અને ૩૦૦થી વધુ શહેરોમાં નર્મદાનું પાણી પેયજળ તરીકે આપવામાં આવી રહ્યું છે. નર્મદા સાથે પ્રધાનમંત્રી મોદીનો લગાવ જાણીતો છે. તેમણે પ્રધાનમંત્રી બન્યાના ૧૭મા દિવસે જ નર્મદા બંધના દરવાજા માટે મંજૂરી આપી હતી જે નોંધનીય છે.

નર્મદા ઉત્સવની રાજયભરમાં ઉજવણી કરવા



માટેના આયોજનોને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. વડાપ્રધાન મોદી ગાંધીનગર, સંતસરોવર ઉપરાંત તેમની એકાદ જાહેરસભા ઉત્તર ગુજરાતમાં યોજવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે. પ્રધાનમંત્રીની સૂચિત મુલાકાતને લઈ કમલમ્ અને ગાંધીનગર ખાતે બેઠકોનો ધમધમાટ ચાલી રહ્યો છે.

## રૂપાલના પલ્લી મેળામાં દુકાનના પ્લોટને અનુલક્ષી ૧ ઓકટોબરે પ્રકીયા હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરના રૂપાલ ગામમાં પ્રતિવર્ષ યોજાતા વરદાયિની માતાના પલ્લી મેળો આગામી તા ૭ ઓકટોબરના રોજ યોજાશે. જયારે આ પલ્લી મેળાને અનુલક્ષી લાખોની સંખ્યામાં યાત્રાળુઓ માતાજીના દર્શનાર્થે આવે છે. જયારે આ મેળાને અનુલક્ષી કલોલ, માણસા તેમજ અમદાવાદના એસ ટી ડેપોએથી ખાસ બસ સુવિધા પુરી પાડવામાં આવશે .જયારે આ પલ્લી મેળાને અનુલક્ષી દુકાનો કરવાના પ્લોટોનુ વેચાણ તા ૧ ઓકટોબરના રોજ મંગળવારે સવારે ૧૧ કલાકે કરવામાં આવશે.તેમ રૂપાલ ગ્રામ પંચાયતના સરપંચ જશવંતભાઈ ત્રિકમભાઈ પરમારે જણાંવ્યુ છે.

# વાહનચાલકો ટ્રાફિક નિયમન માટે સજ્જ

**શહેર - જિલ્લામાં રોજ ૩ હજાર જેટલા વાહનો પીયુસી માટે કતારમાં : આર ટી ઓના ડ્રાઇવીંગ ટ્રેક પર રોજ ૨૨૦ વાહનચાલકો ટેસ્ટ આપે છે : દંડ વસુલીની નવી નિતી સામે ટ્રાફિક નિયમનનુ પાલન કરવા વાહનચાલકોમાં વિશેષ જાગૃતિ કેળવાઇ**

ગાંધીનગર તા ૧૩

ખુલ્લા અને પહોળા માર્ગોથી સોહામણાં ભાસતા ગાંધીનગરમાં પૈડા પરની જિન્દગી દિનપ્રતિદિન જોખમી બની રહી છે. ત્યારે માર્ગ સલામતીને સ્પર્શતા પરિબળોને યોગ્ય કરવાની દીશમાં પણ અસરકારક પગલા અનિવાર્ય છે. જયારે હાલ આગામી બે ચાર દિવસમાં ટ્રાફિક નિયમનના મામલે આકરા દંડની વસુલીનો અમલ થવાનો છે ત્યારે નગરજનો પણ ટ્રાફિક નિયમનના અમલ મામલે સજ્જ થઈ રહ્યા છે. અલબત્ત હેલમેટ , પીયુસી ,લાયસન્સ સહીતના મામલે વિશેષ જાગૃત બન્યા છે. નગરના પીયુસી સેન્ટરો પર રોજ સવારથી વાહનોની કતાર લાગે છે. શહેર જિલ્લામાં રોજ અંદાજિત ૩ હજાર જેટલા વાહનો પીયુસી મેળવવા માટે કતારમાં ઉભેલા જોવા મળી રહ્યા છે. જયારે આર ટી ઓના



ડ્રાઈવીંગ ટ્રેક પર લાયસન્સ માટે પ્રતિદિન ૨૨૦ વાહનચાલકોની ટેસ્ટ લેવાય છે. ટ્રાફિક નિયમનના મુદ્દે આડા દિવસોમાં રામ ભરોસે હોવાનો અહેસાસ કરાવતા આ શહેરમાં રોડ સેફટી અને નિયમનનો મુદ્દો વાહનચાલકોની અવેરનેસના લીધે લાઈમ લાઈટમાં આવી ગયો છે.

ગાંધીનગરના ખુલ્લી અને પહોળી સડકો નગરની આગવી ઓળખ છે. બહારગામથી આવતા મુલાકાતીઓ અને સેલીબ્રીટી પણ નગરના રોડ નેટવર્કથી પ્રભાવિત છે. શહેરનુ રોડ નેટવર્ક અંદાજિત ૬૧૩ કીલોમીટરનુ છે. પરંતુ આ સોહમણા રોડનેટવર્ક પર અકસ્માતના બિહામણાં દ્રશ્યોથી ભદ્ર સમાજથી ચિંતિત છે. બેફામ અને પુરપાટ દોડતા વાહનોમાં ગતિ નિયંત્રણ આવે તેમજ ટ્રાફિકના નિયમનોનુ યોગ્ય પાલન થાય તે અનિવાર્ય હોવાનો વિષય ઘણીવાર અકસ્માતના આંકડાઓ પ્રકાશિત થયા બાદ ચર્ચાનો વિષય બને છે. જયારે આ મામલે હવે સરકારે ટ્રાફિક નિયમના કડક પાલન માટે આકરો દંડ વસુલવા આયોજન કરી દીધુ છે ત્યારે નગરજનો પણ આ બાબતે જાગૃત બન્યા છે. ટ્રાફિક નિયમનના પાલન સાથે સેફટી રાઈડસનો અભિગમ અપનાવવા સજ્જ થઈ રહ્યા છે. લાયસન્સ વગર વાહન ચલાવવા ઉપરાંત પીયુસી તેમજ સીટ બેલ્ટ સહીતના નિયમનના ભંગ બદલ સરકાર દ્વારા આકરો દંડ વસુલવાનો નિર્ણય લેવાયો છે. આગામી તા ૧૬ સપ્ટેમ્બરથી સડકો પર દોડતા વાહન ચાલકો પાસેથી ટ્રાફિક નિયમનના ભંગ બદલ નવા નિયમ મુજબ દંડ વસુલી કરવામાં આવશે. જેને અનુલક્ષી હાલ નગરના પીયુસી સેન્ટરો તેમજ લાયસન્સ સહીતની કાર્યવાહી માટે વાહનચાલકોની કતાર જોવા મળે છે. શહેર-જિલ્લામાં અંદાજિત ૧૫ જેટલા પીયુસી સેન્ટર છે. આ સેન્ટરો પર

● અનુસંધાન પાના - ૭ પર

# જિલ્લામાં આજે ભારે વરસાદની સંભાવના

ગાંધીનગર જિલ્લામાં આજે હળવાથી ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. દાંતીવાડા કૃષિ યુનિ.ના પૂર્વાનુમાન વિભાગ દ્વારા કૃષિ સલાહ બુલેટીનના ૪૦મા અંકમાં આ આગાહી કરવામાં આવી છે. તા. ૧૪ સપ્ટેમ્બરથી ૧૮ સપ્ટેમ્બરના પાંચ દિવસ માટેનું પૂર્વાનુમાન વ્યક્ત કરતા આ અંકમાં જણાવાયુ છે કે તા. ૧૪મીએ મધ્યમથી ભારે તથા ૧૫મીએ હળવો વરસાદ થવાની સંભાવના છે.

આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે આગામી પાંચ દિવસ આકાશ મોટેભાગે વાદળછાયુ રહેશે. ૧૪મીએ ભારે વરસાદની સંભાવના છે. મહત્તમ તાપમાન ૨૯ થી ૩૨ ડિગ્રી સે. જયારે લઘુત્તમ તાપમાન ૨૫ થી ૨૬ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૬૮ થી ૯૨ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની ગતિ સરેરાશ ૭ થી ૧૬ કિ.મી. પ્રતિ કલાક રહેવા શક્યતા છે. ખેડૂતોને સલાહ આપતાં આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે વાવણી કરેલ પાકમાં વરાપ થયે નિંદામણ તથા આંતરખેડ કરવી અને ભલામણ મુજબ ખાતર આપવુ. ખેડૂતો તેમના પાકની નિયમિત દેખરેખ રાખે, હાલની હવામાનની પરિસ્થિતિ મુજબ પાક સંરક્ષણના પગલાં લેવા અનુરોધ કર્યો છે.


પાંચમી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ.પ્રવિણકુમાર વિઠ્ઠલરાવ બાલપાંડે

જન્મ તા.૦૪-૧૨-૧૯૬૯ સ્વ.તા.૧૪-૦૯-૨૦૧૪

જીવન સદા એવું જીવ્યા કે જોનારા જોયા કરે, કર્મ સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગૂજ્યાં કરે, દુઃખથી કદી હાર્યા નહી, વ્યવહાર કદી ચૂક્યાં નહીં, ખોટું ક્યારેય કર્યુ નથી, ખોટુ કદી કરવા દીધું નથી.એ જીવનમંત્ર શીખવી ગયા, હજી પણ જરૂરીયાત હતી તમારી પણ તમે દુર થઈ ગયા, એક પળમાં જીદગીભરનું સંભારણું છોડી ગયા, પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના....

લિ.

શ્રીમતિ રજની પ્રવિણકુમાર બાલપાંડે
જિંકલ પ્રવિણકુમાર બાલપાંડે
મિતરાજ પ્રવિણકુમાર બાલપાંડે
પ્રિયંકા, શિવ, ભૂમિ, ભાગ્યેશ, દેવ્યાંશ
ભાસ્કરરાવ વિઠ્ઠલરાવ બાલપાંડે
જ્યોતિ ભાસ્કરરાવ બાલપાંડે
મહેન્દ્રરાવ વિઠ્ઠલરાવ બાલપાંડે
કવિતા મહેન્દ્રરાવ બાલપાંડે

તથા સમસ્ત બાલપાંડે પરિવાર



દિવાળી કપલ / ફેમીલી / LTC પ્રવાસો

સ્પે.કેરાલા મુન્નાર-થેકડી | દાર્જીલીંગ ગંગટોક-પેલીંગ લાચુંગ | આંદામાન હેવલોક-નીલ

સિમલા મનાલી-ડેલ-અમૃત | 25Oct to 30 Oct Daily | સ્વતંત્ર પેકેજ હોટલ બુકીંગ એર બુકીંગ

Since 1951 નૂતન ટ્રાવેલ્સ 26562322/24•9427455274 9898023955•9724303375



જય અંબે શ્રી ગણેશાય નમઃ જય શ્રી કેલામાંતા

**બાશ્રી હંસાબા ચંદનસિંહજી રાજપૂત સમાજ ભવન**

સંચાલક : શ્રી વિશાલ ડેકોર એન્ડ ઈવેન્ટ પ્રા.લી.



હોલની સુવિધાઓ

- ગ્રાઉન્ડ ફ્લોર તેમજ ફર્સ્ટ ફ્લોર પર વિશાળ હોલ
- વર-કન્યા માટે રૂમ (અટેચ ટોયલેટ - બાથરૂમ સાથે)
- પાકું રસોડું (ગેસના ચુલા સાથે)
- જી.એસ.પી.સી. ગેસ લાઈનની સગવડતા
- ૨૪ કલાક લાઈટ / પાણીની સગવડતા
- ૨૪ કલાક સિક્યુરીટી ગાર્ડની વ્યવસ્થા

લગ્ન પ્રસંગ, રિસેપ્શન, બર્થ-ડે પાર્ટી, સ્નેહમિલન, ધાર્મિક કાર્યક્રમ, કોર્પોરેટ મીટીંગ, ગેટ ટુ ગેધર માટેની ઉત્તમ વ્યવસ્થા

મોબાઈલ નંબર : ૯૭૨૫૩ - ૦૪૦૫૦ (બુકિંગ ચાલુ)


## ધી ગાંધીનગર નાગરિક કો. ઓપ. બેન્ક લિ., ગાંધીનગર

પ્લોટ નં.-૩૯૧, ઘ-૪II, સેક્ટર-૧૬, ગાંધીનગર

### વાર્ષિક સાધારણ સભા અંગેની નોટીસ

આથી બેન્કના સર્વે સભાસદશ્રીઓને જણાવવામાં આવે છે કે આપણી બેન્કની ૪૫ મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૯-૦૯-૨૦૧૯ને રવિવારે સવારે ૯:૦૦ કલાકે બેન્કની હેડ ઓફિસ ખાતેના મકાનમાં, સભાખંડ ત્રીજો માળ, સેક્ટર-૧૬ ગાંધીનગર ખાતે નીચે જણાવેલ કામકાજ સારૂ મળશે. જેમાં સર્વે સભાસદ મિત્રોએ સમયસર હાજરી આપવા વિનંતી છે.

### કાર્યસૂચિ

૧. તા.૩૦-૦૯-૨૦૧૮ની વાર્ષિક સાધારણ સભાની પ્રોસીડીંગને બહાલી આપવા બાબતે.
૨. તા.૩૧-૩-૨૦૧૯ ના રોજ પુરા થતા વર્ષનું બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તરફથી તૈયાર કરેલ અહેવાલ, બેન્કનું ઓડિટ થયેલ સરવૈયુ તથા નફા-તોટાનો હિસાબ અને નફાની વહેંચણી મંજુર કરવા બાબત.
૩. ઓડિટરના રિપોર્ટની નોંધ લેવા બાબત.
૪. વનટાઈમ સેટલમેન્ટ ને બહાલી આપવા બાબત.
૫. ચેરમેનશ્રીની મંજૂરીથી રજૂ થાય તે કામ બાબતે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સૂચનાથી
નરેન્દ્રભાઈ એમ. શાહ
તા.૦૨-૦૯-૨૦૧૯ મેનેજીંગ ડિરેક્ટર

નોંધ - ૧. હિસાબી વિષયક માહિતી અંગેની વિશેષ જાણકારી માટે તા.૧૯-૦૯-૨૦૧૯ સુધીમાં લેખિત માંગણી કરી બેન્કમાંથી રૂબરૂ માહિતી મેળવી લેવા વિનંતી.
૨. કોરમના અભાવે સભા મુલત્વી રહેશે તો અર્ધા કલાક બાદ મુલત્વી રહેલ સભા તેજ સ્થળે તેજ કામ માટે ફરીથી મળશે જેમાં કોરમની જરૂરિયાત રહેશે નહિ.
૩. વર્ષ ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ બેંકની વેબસાઈટ www.gncb.co.in પર પ્રસિધ્ધ કરેલ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com